## સ્વાધ્યાય 6.1

**1. કૌંસમાં આપેલ શબ્દો પૈકી સાચા શબ્દોનો ઉપયોગ કરીને ખાલી જગ્યા પૂરો :**

**(i) બધાં વર્તુળો ......... છે. (એકરૂપ, સમરૂપ)**

**જ.** બધાં વર્તુળો **સમરૂપ** છે.

**(ii) બધા ચોરસો ......... છે. (સમરૂપ, એકરૂપ)**

**જ.** બધા ચોરસો **સમરૂપ** છે.

**(iii) બધા ......... ત્રિકોણો સમરૂપ છે. (સમદ્વિબાજુ, સમબાજુ)**

**જ.** બધા **સમબાજુ** ત્રિકોણો સમરૂપ છે.


**(iv) જો (અ) બે બહુકોણના અનુરૂપ ખૂણાઓ ......... હોય. (બ) તેમની અનુરૂપ બાજુઓ ......... હોય. (સમાન, સમપ્રમાણમાં) તો સમાન સંખ્યાની બાજુઓવાળા બે બહુકોણ સમરૂપ છે.**

**જ.** જો (અ) બે બહુકોણના અનુરૂપ ખૂણાઓ **સમાન** હોય. (બ) તેમની અનુરૂપ બાજુઓ **સમપ્રમાણમાં** હોય, તો સમાન સંખ્યાની બાજુઓવાળા બે બહુકોણ સમરૂપ છે.


**2. નીચેની જોડીઓના જુદાં–જુદાં ઉદાહરણો આપો :**

**(i) સમરૂપ આકૃતિઓ :**

**જ.** બે સમબાજુ ત્રિકોણ જેની બાજુઓની લંબાઈ 1 cm અને 2 cm હોય





બે ચોરસ જેની બાજુઓની લંબાઈ 1 cm અને 2 cm હોય




(ii) **સમરૂપ ન હોય તેવી આકૃતિઓ :**


જ. સમલંબ ચતુષ્કોણ અને ચોરસ




ત્રિકોણ અને સમાંતરબાજુ ચતુષ્કોણ




3. **નીચેનાં ચતુષ્કોણ સમરૂપ છે કે નહિ તે જણાવો :**




જ. ચતુષ્કોણ PQRS અને ચતુષ્કોણ ABCD ની બાજુઓ સમાન પ્રમાણમાં એટલે કે 1:2 માં છે. પરંતુ બંને ચતુષ્કોણના ખૂણાઓ સમાન નથી.

તેથી, આપેલા ચતુષ્કોણ સમરૂપ નથી.